# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,રાજપીપળા

એસ.ટી.બસ ડેપો પાછળ,શ્રી નવદુર્ગા હાઈસ્કુલની બાજુમાં,રાજપીપળા, જિ.નર્મદા.
E-mail:- dso-sycd-nrmd@gujarat.gov.in, dsdo-narmada@gujarat.gov.in

==========================================================

જા.નં/જિ.ર.પ્ર.કે/રાજ્ય-ખેમકુ ૨૦૨૫/૨૧૮ થી ૨૭૦/૨૦૨૫-૨૬ તા.૨૪/૦૧/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ
જિલ્લા રમતગમત અધિકારીશ્રી,તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત સિધી રાજ્યકક્ષાની અં-૧૪,૧૭ અને ઓપનએજ વયજુથ જીમ્નાસ્ટીક્સ ભાઇઓ/બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલવા બાબત.

સંદર્ભ:- માન.ડાયરેક્ટર જનરલશ્રી એસ.એ.જી.ગાંધીનગરના પત્રક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૫ /૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી નર્મદા અને જિલ્લા રમતગમત અધિકારી નર્મદાની કચેરી દ્વારા આયોજિત ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત સિધી રાજ્યકક્ષાની અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ વયજુથ ભાઇઓ/બહેનોની જીમ્નાસ્ટીક્સ સ્પર્ધાનું આયોજન શ્રી છોટુભાઇ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપલા,જિલ્લો-નર્મદા ખાતે તા.૦૬/૦૨/૨૦૨૬ થી તા.૧૦/૦૨/૨૦૨૬ દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંગેની આપના જિલ્લાની એન્ટ્રી તા.૦૪/૦૨/૨૦૨૬ સુધીમાં dsdo-narmada@gujarat. gov.in, dso-sycd-nrmd@gujarat.gov.in ઉપર ઇ-મેઇલ થી બિનચુક મોકલી આપવી તેમજ ખેલાડી/ટીમને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## રાજ્યકક્ષા અંડર-૧૪, અંડર-૧૭, ઓપનએજ ગૃપ ભાઇઓ/બહેનોની જીમ્નાસ્ટીક્સ સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વય જુથ | રિપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધાની તારીખ અને સમય | રીપોર્ટીંગ સ્થળ/સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૪ ભાઇઓ/બહેનો (આર્ટીસ્ટીક્સ જીમ્નાસ્ટીક્સ) | ૦૬/૦૨/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે | ૦૭/૦૨/૨૦૨૬ સવારે ૦૮:૦૦ કલાકે | શ્રી છોટુભાઇ પુરાણી ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન, રાજપીપલા, જિલ્લો-નર્મદા |
| ૨ | અંડર-૧૭ ભાઇઓ/બહેનો (આર્ટીસ્ટીક્સ જીમ્નાસ્ટીક્સ) | ૦૭/૦૨/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે | ૦૮/૦૨/૨૦૨૬ સવારે ૦૮:૦૦ કલાકે | |
| ૩ | ઓપન એજ ગૃપ ભાઇઓ/બહેનો (આર્ટીસ્ટીક્સ જીમ્નાસ્ટીક્સ) | ૦૮/૦૨/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે | ૦૯/૦૨/૨૦૨૬ સવારે ૦૮:૦૦ કલાકે | |
| ૪ | અંડર-૧૪,૧૭ અને ઓપન એજ ગૃપ બહેનો (રિધમિક જીમ્નાસ્ટીક્સ બહેનો) | ૦૯/૦૨/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાકે | ૧૦/૦૨/૨૦૨૬ સવારે ૦૮:૦૦ કલાકે | |

**સ્થાનિક સંપર્ક: અતુલ વસાવા-૮૪૬૯૭૪૪૪૯૮, અશ્વિન વસાવા-૮૭૫૮૪૪૭૦૪૫**

## ❖ સ્પર્ધા અંગેની જરૂરી સૂચના

- ખેલાડીઓનું નિયત નમૂનામાં એલીજીબીલીટી ફોર્મ સાથે જે તે શાળાના સહિ સિક્કા તથા જે તે જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની સહી સાથેનું ઓરિજનલ એલીજીબીલીટી ૦૧ કોપી સાથે આધારકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર અને શાળા બોનોફાઇટ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
- ઓનલાઇન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- આ સ્પર્ધા જીમ્નાસ્ટીક્સ એસોશીએશનના નીતિનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
- સિધી યોજાતી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચુકવવાનો રહેતો નથી.
- જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે, સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે.
- સ્પર્ધા/નિવાસ સ્થળે કોઇપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજર ભરપાઇ કરવાની રહેશે.
- સ્પર્ધા સ્થળે શિસ્તબંધ રીતે વર્તવાનું રહેશે અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
- સ્પર્ધા દરમ્યાન પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ, મેનેજર અને સપોર્ટીંગ સ્ટાફ બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. (ટ્રાન્સપોર્ટની જવાબદારી ખેલાડીઓ તેમજ કોચ/મેનેજરશ્રીની પોતાની રહેશે, જેના માટે અત્રેની કચેરી જવાબદાર રહેશે નહી)
- જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોંચ્યાંની જાણ વાલી તથા મેનેજર ધ્વારા સબંધિત આયોજક ને ટેલીફોનીક/લેખીત કરવાની રહેશે.
- ખેલાડીઓને રીપોર્ટીંગ કર્યા બાદ નિવાસ ફાળવવામાં આવશે. નિવાસ સ્થળે ડિપોઝિટ જમા કરાવવાની રહેશે, સ્પર્ધા પૂર્ણ થયા બાદ ડિપોઝિટ પરત કરવામાં/લેવાની રહેશે. અને સ્પર્ધા પૂર્ણ થયેથી તાત્કાલીક નિવાસ છોડવાનો રહેશે.

| | |
|---|---|
| જિલ્લા રમતગમત અધિકારી<br>નર્મદા | જિલ્લા રમત વિકાસ અધિકારી<br>નર્મદા |

**નકલ રવાના સવિનય જાણ સારૂ.**

(૧) માન. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૨) માન. કલેકટરશ્રી, નર્મદા
(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નર્મદા
(૪) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા
(૫) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૬) માન. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૭) માન.સચીવશ્રી, રાજ્ય રમતગમત પરિષદ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૮) માન. ટીમ લીડર (ખેલ મહાકુંભ શાખા), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૯) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા
(૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નર્મદા
(૧૧) માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા (સ્પર્ધા સ્થળે મેડીકલ અને ૧૦૮ની ટીમ ઉપસ્થિત રાખવા માટે)
(૧૨) માન.નાયબ માહિતી નિયામકશ્રી, નર્મદા ( સ્પર્ધાની બહોળી પ્રસિધિ કરવા સારૂ.)
(૧૩) માન. પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય જીમ્નાસ્ટીક્સ એસોશિએશન
(૧૪) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી ભાઇઓ-બહેનો ખેલ મહાકુંભ ૨૦૨૫ જીમ્નાસ્ટીક્સ સ્પર્ધા
(૧૫) માન.પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ શિક્ષણ સંઘ, નર્મદા